**શ્રી આર.ડી.કટારા,(નિવૃત્ત નાયબ વન સંરક્ષક) સભ્ય, ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીના પગાર ભથ્થા અને નિમણૂકની શરતો અને બોલીઓ નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૮/૧૧/૨૦૨૦

**વંચાણે લીધા :-**

૧) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ

૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: આરઇએમ /૧૦૨૦૦૨ /યુઓઆર/ ૮૨/ગ.૨

૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: આરઇએમ/૧૦૨૦૧૮૨૫૩૨૭૭/ગ.૨

૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: આરઇએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ.૨

**આમુખ:**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા અંગેની બાબતે સરકારને કેટલીક રજૂઆતો વિવિધ મંડળો, સંસ્થાઓ, નાગરિકો વગેરે દ્વારા મળેલ આ રજૂઆતો અંગે સરકારમાં વિવિધ કક્ષાએ બેઠકો થયેલ. તદનુસાર, પ્રસ્તુત બાબતે લાંબાગાળાના હકારાત્મક નિરાકરણ બાબત લક્ષમાં લઈ, વિધાયક પરિણામ આવે તે હેતુથી વંચાણે લીધેલ ઉક્ત ક્રમાંક:૧ હેઠળના ઠરાવથી એક કમિટીની રચના કરવામાં આવેલ છે.

માનનીય **નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી આર.ડી.કટારા, સભ્યશ્રી, ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીના પગાર-ભથ્થાં તેમજ નિમણૂકની શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.**

**ઠરાવ:**

સક્રિય વિચારણાને અંતે ગીર , બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા ઉક્ત સંદર્ભ (૧)થી રચાયેલ કમિટીમાં શ્રી **આર.ડી. કટારા,** નિવૃત્ત **નાયબ**

**વન સંરક્ષકશ્રીને** સભ્ય તરીકે કમિટીના સભ્ય તરીકેની જગા ધારણ કરે ત્યાં સુધી સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ઉક્ત ક્રમાંક: (૨) માં ઠરાવેલ સેવાની શરતો અને બોલીઓ મુજબ નીચે મુજબ રહેશે.

(૧) તેઓને નિવૃતિ સમયના છઠ્ઠા પગાર પંચના પે- બેન્ડ+ ગ્રેડ પે ના ૯૦% મુજબ માસિક એકત્રિત વેતન તેમજ પેન્શન ઉપર T.I. મળવાપાત્ર થશે. ઉપરાંત, સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૯/૨૦૨૦ના ઠરાવની જોગવાઇ મુજબ, તેમને મળવાપાત્ર કુલ મળતરમાંથી 30%(ટકા)નો ઘટાડો કરવાનો રહેશે.

(૨) એકત્રિત વેતન ઉપર કોઇપણ જાતના બીજા ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

(3) કરાર આધારિત નિયુક્તિના સમયગાળા દરમિયાન તેમને તેમના ફિક્સ એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો, ઇજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત કે પગાર પંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહીં.

(૪) કરાર આધારિત નિમણૂક દરમ્યાનની તેમની સેવા બદલ કોઇ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી કે અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરા આધારિત નિયુક્તિના સમયગાળા દરમ્યાન આકસ્મિક અવસાન પ્રસંગે તેમણે બજાવેલ ફરજના સમયગાળાના ફીક્સ વેતનની લેણી રકમ તેમના કુટુંબીજનોને મળવાપાત્ર થશે અન્ય બીજા જોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

(૬) કરાર આધારિત નિમણૂક સમિતિ કાર્યરત રહે ત્યાં સુધી રહેશે.

(૭) કરાર આધારિત નિમણૂક આપ્યા પછી સરકાર ગમે તે સમયે કોઇ પણ કારણ આપ્યા વિના કરાર આધારિત સેવાનો અંત લાવી શકશે.

(૮) તેઓશ્રી એક(૧) માસની નોટીસ આપીને અથવા એક માસનો નોટીસ પે ભરીને કરાર આધારિત નિમણૂકનો અંત લાવી શકશે.

(૯) તેઓશ્રીને ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂક) નિયમો, ૧૯૭૧ લાગુ પડશે.

(૧૦) કરાર આધારિત નિમણૂક દરમ્યાન તેઓ પક્ષે વર્તણૂક નિયમનો ભંગ થયેલો જણાશે તો તેઓના કિસ્સામાં ગુજરાત મુલકી સેવા(પેન્શન) નિયમો ૨૦૦૨ના નિયમ ૨૪ મુજબ પેન્શન કાપની શિક્ષા કરી શકાશે. આવી પેન્શન કાપની શિક્ષા કરતા પહેલા તેઓશ્રીને ગુજરાત રાજ્ય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ બચાવની તક આપવામાં આવશે.

(૧૧) કરાર આધારિત નિયુક્તિ દરમ્યાન સંબંધિત જગ્યાની કામગીરી માટે જે ફરજો બજાવવાની થતી હોય તેવી તમામ ફરજો તેમણે બજાવવાની રહેશે. તે માટે કચેરીના ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય કે જરૂરીયાત હોય તે સમય પ્રમાણે તેમણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.

(૧૨) કરાર આધારિત નિયુક્તિ દરમ્યાન તેઓશ્રીને પ્રતિ માસ એક પરચૂરણ રજા મળવાપાત્ર રહેશે. પરંતુ અન્ય કોઇ રજા મળવાપાત્ર રહેશે નહીં.

(૧૨) તેઓશ્રીએ કાર્યમથક પર રહેણાક રાખવાનું ફરજિયાત રહેશે અએન અધિકૃત સતાધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૩) સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારના પ્રવર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક દરે ભથ્થું મળવાપાત્ર થશે.

"આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના , પેટા સદર- (૨૫) વીકેવાય-૫૩ વહીવટી તંત્રને તમામ કક્ષાએ સક્ષમ બનાવવું બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે."

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).

- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ , હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.

  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી આર.ડી.કટારા, નિવૃત નાયબ વન સંરક્ષકશ્રી,૩૯-બી, 'જિમિલી' અંબિકાનગર-૧, પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ નજીક, જુનાગઢ-૩૬૨૦૦૧.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવદ.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર